# શહેરના આકાશમાં કાળા ડિબાંગ વાદળો ગોરંભાયા પણ વરસાદ નહિવત

**વાદળિયા વાતાવરણ અને પવનના સુસવાટા વચ્ચે નગરજનોએ આકરી ગરમીમાં રાહત અનુભવી : વરસાદ હાથતાળી આપી ગયો**





ગાંધીનગર તા ૨૫

ગાંધીનગરમાં વરસાદી વાદળો ફરી એકવાર વરસ્યા વિના જ વિખેરાઈ ગયા હતા. આજે બપોરે વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. આકાશમાં કાળાડીબાંગ વાદળો ઘેરાઈ આવ્યા હતા. વરસાદ હમણાં વરસશે અને ચોમેર પાણી પાણી થઈ જશે તેવા અહેસાસ સાથે નગરજનોમાં મેઘરાજા મનમુકીને જનજીવનને તરબોળ કરશે તેવી આશ બંધાઈ હતી. પરંતુ થોડીવારમાં જ વરસાદી વાદળો પવનના જોર વચ્ચે વિખેરાઈ ગયા હતા. જયારે કાળા ડીંબાંગ વાદળો છાંટણા વરસાવી અદ્રશ્ય થઈ ગયા હતા. ગાંધીનગરમાં આજે સવારથી જ વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. આકાશમાં બપોર થતા અચાનક જ કાળા ડિબાંગ વાદળો ઘેરાઈ આવ્યા હતા. જયારે પવનના સુસવાટા વચ્ચે વરસાદના છાંટણા પડયા હતા. આકાશી નઝારાના અંતે મેહુલિયો મન મુકીને વરસશે તેવી આશ જન્મી હતી. પરંતુ પલવારમાં ઘેરાયેલા વાદળો થોડીવારમાં જ પવનની લહેરકી સાથે વિખેરાઈ ગયા હતા. વરસાદી વાયરાથી બેઘડી નગરજનોએ ઠંડક અનુભવી હતી. જયારે દિવસ દરમિયાન પણ સતત વરસાદી માહોલ જોવા મળ્યો હતો. વરસાદી વાતાવરણ વચ્ચે કયારેક ક્યારેક છાંટણા વરસતા ભીની માટીની મહેંક પ્રસરી હતી. પરંતુ ધોધમાર વરસાદ વરસ્યો ન હતો. હવામાન વિભાગના જણાંવ્યા મુજબ આગામી સપ્તાહમાં મુશળધાર વરસાદ વરસશે જયારે આજે આકાશમાં ગોરંભાયેલા વાદળોના લીધે નગરજનોમાં વરસાદની આશ જન્મી હતી. પરંતુ પલવારમાં જ વરસાદી વાદળો અદ્રશ્ય થઈ ગયા હતા અને તડકો નિકળતા વાદળો વરસ્યા વિના જ ગાયબ થઈ ગયા હતા. બપોરે અને સાંજે પણ વરસાદી વાદળો વચ્ચે આકાશી નઝારો અદભુત જોવા મળ્યો હતો. વાદળિયા વાતાવરણ વચ્ચે સતત પવનનુ જોર રહેતા આકરા બફારા અને ગરમીમાં નગરજનોએ રાહત અનુભવી હતી. રોજબરોજ ઘેરાતા વરસાદી વાદળો વચ્ચે નગરજનોમાં હવે મેઘરાજાની ઈન્તેજારી વધુ પ્રબળ બની છે.

# નબળી વસુલાત કરનાર તલાટીને નોટીસથી લઈ પગાર અટકાવાશે

ગાંધીનગર, તા. ૨૫

આગામી ૩૦-૭-૧૯ના રોજ પૂરા થઈ રહેલા મહેસુલી વર્ષમાં નબળી વસુલાત કરનાર તલાટીનો જરૂર પડ્યે પગાર રોકવા સુધીના આકરા પગલાં લેવાનો નિર્ણય જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ કર્યો છે.

જિલ્લામાં મહેસુલી વેરાઓની નબળી વસુલાતને પગલે તેની અસરો પંચાયતની આવક પર પણ પડી રહી છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ તાલુકા વિકાસ અધિકારીઓની તાજેતરમાં મળેલ બેઠકમાં આ અંગે કડક કાર્યવાહીના સ્પષ્ટ સંકેત આપ્યા હતા.

તેમણે જણાવ્યુ હતુ કે ૮૦ ટકાથી વધુ વસુલાત કરનાર તલાટીને સન્માનિત કરાશે તો ૫૦ ટકાથી ૮૦ ટકા સુધી વસુલાત કરનાર તલાટીને વધુ વસુલાત કરવા માટે શાબાશી તથા તાકીદ કરાશે.

૩૦ ટકાથી ઓછી વસુલાત કરનાર તલાટી સામે નોટીસ અને શિક્ષાત્મક કાર્યવાહીના ભાગરૂપે પગાર એક માસનો સ્થગિત કરવા જેવા આકરા પગલાં લેવાનો સંકેત આપ્યો હતો. આવી નબળી વસુલાત કરનાર તલાટીઓનો રિપોર્ટ જિલ્લા કક્ષાએ ૧લી ઓગષ્ટની સાંજ સુધીમાં મળી જાય તેમ પણ સંકેત આપતાં કહ્યું હતું.

જિલ્લામાં ૨૦૧૭-૧૮ના વર્ષમાં ૪૦ ટકા જેટલી જ મહેસુલી વેરાની વસુલાત થઈ હતી. આ અંગે તેમણે નારાજગી વ્યક્ત કરી હતી. અગાઉ પણ સમીક્ષા બેઠકો દરમ્યાન વેરા વસુલાત સઘન બનાવવા પર વારંવાર ભાર મુકવામાં આવ્યો છે તે ઉલ્લેખનીય છે.

# ગાંધીનગર રેલ્વે સ્ટેશનના પુનઃ નિર્માણનો ખર્ચ ૬૧૦ કરોડ થશે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર રેલ્વે સ્ટેશનના પુનઃ નિર્માણના ખર્ચમાં એક જ વર્ષમાં ૧૫૦ ટકાથી વધુ જંગી વધારો થવા પામ્યો છે. આ પ્રોજેક્ટ માટે પહેલાં રૂ. ૨૪૩.૫૮ કરોડનો અંદાજ હતો. હવે આ ખર્ચ વધીને રૂ. ૬૧૦ કરોડ જેટલો થશે તેવો અંદાજ છે.

આ પ્રોજેક્ટ પાછળ અંદાજે રૂ. ૩૬૭ કરોડનો જંગી વધારો થવાના સંકેત આજે વિધાનસભા ગૃહમાં રજુ થયેલ ગાંધીનગર રેલ્વે એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન (ગરૂડ)ના પ્રથમ વાર્ષિક અહેવાલમાં આપવામાં આવેલ છે.



શરૂઆતમાં રેલ્વે સ્ટેશનના પુનઃ નિર્માણનો અંદાજિત ખર્ચ રૂ. ૨૪૩.૫૮ કરોડ હતો. તેમ છતાં હોટલ સંચાલક દ્વારા ગાંધીનગર રેલ્વે સ્ટેશન પર હવાઈ જગ્યામાં સામાન્ય પ્રકારની ૩ સ્ટાર હોટલને બદલે અપ્રતિમ માળખુ ધરાવતી ૫ સ્ટાર હોટલ નિર્માણ કરવાનુ સૂચન કરાતા અને એપ્રોચ એક્ઝીટ રેમ, રસ્તો અને રેલ્વે અન્ડરબ્રિજનું બાંધકામ પ્રોજેકટના ભાગરૂપે વધારાની જરૂરિયાતરૂપે વિકસાવવાની થતા તેના પરિણામ સ્વરૂપે હોટલની પ્રોજેક્ટ કિંમત ૨૪૩.૫૮ કરોડથી વધીને ૬૧૦ કરોડ થવા પામેલ છે.

આ પ્રોજેકટમાં મહાત્મા મંદિર કન્વેન્શન સેન્ટર અને હેલિપેડ ગ્રાઉન્ડના નવીનીકરણ સહિતની બાબતોનો સમાવેશ થતો હોવાનું જણાવ્યું છે.

નાણાંકીય વર્ષ દરમ્યાન કંપનીએ રૂ. ૬૪.૪૨ લાખનો નફો કર્યો છે. તેમાં છતાં ૩૧ માર્ચ ૧૮ના રોજ પૂરા થતા નાણાંકીય વર્ષમાં ડિવિડન્ડ માટે ભલામણ કરી નથી કારણ કે પ્રોજેક્ટની પ્રવૃત્તિઓ ચાલુ રાખવા માટે કંપનીને ખૂબ મોટી મૂડીની જરૂર પડશે.

કંપનીએ ગુજરાત સરકાર અને રેલ્વે મંત્રાલય (બન્ને પ્રમોટર્સ)ને કંપનીની સત્તાવાર મૂડી ૩૦ કરોડથી વધારીને રૂ. ૧૦૦ કરોડ સુધી વધારવા વિનંતી કરી છે. ગુજરાત સરકારે આ વિનંતી ગ્રાહ્ય રાખી છે જ્યારે રેલ્વે મંત્રાલયની મંજૂરીની રાહ જોવાઈ રહી છે.

આ કંપની સ્થાપના ૫ મી જાન્યુ.૨૦૧૭ના રોજ કરાઈ હતી. ગુજરાત સરકાર, ભારત સરકારના રેલ્વે મંત્રાલયના ભારતીય રેલ્વે સ્ટેશન વિકાસ નિગમના સંયુક્ત સાહસ તરીકે મહાત્મા મંદિર કન્વેન્શન સેન્ટર, ગાંધીનગર રેલ્વે સ્ટેશન અને હેલિપેડ, પ્રદર્શન સેન્ટરના વિકાસ માટેની કામગીરી માટે રચના કરાઈ હતી.

# નગરના ગ-માર્ગને સિક્સલેન બનાવાશે

**નગરના માર્ગ નં -૬ અને ૭ સહિત ગ-માર્ગને સિકસલેન બનાવવા ૬૦ કરોડ ખર્ચાશે : ખ-માર્ગ બાદ ગ-માર્ગને સિકસલેન બનાવવા માટે ટેન્ડર પ્રક્રીયા પુર્ણ કરી દેવાઇ : વરસાદી દિવસો બાદ પ્રોજેકટનુ કામ શરૂ કરાશે**

ગાંધીનગર તા ૨૫

શહેરમાં ખ માર્ગ બાદ હવે ગ માર્ગને સિકસલેન બનાવાની યોજનાનુ કામ હાથ ધરાશે. નગરના ખ માર્ગ ઉપરાંત રોડનં - ૬ અને ૭ ને પણ સિકસલેન બનાવવા માટે આયોજન કરાયુ છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૬૦ કરોડનો ખર્ચ કરાશે. આ કામગીરી અન્વયે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. જયારે એજન્સી પણ આખરી કરી વર્ક ઓર્ડર પણ આપી દેવાયો છે. ચોમાસા બાદ નગરના માર્ગોને સિક્સલેન બનાવાની કામીગીરી શરૂ કરાશે.

શહેરમાં ખ માર્ગ બાદ ગ માર્ગને સિકસલેન બનાવવા માટે કાર્યયોજના તૈયાર કરી દેવામાં આવી છે. મહાત્મા મંદિર સાથે જોડાયેલા ખ માર્ગને અગાઉ સિકસલેન બનાવી દેવાયા બાદ હાલ આ રૂટમાં ટ્રાફિકની અવરજવર સરળ બની છે. જયારે મહાત્મા મંદિર સાથે જોડાણ ધરાવતા ખ માર્ગ પર વાઈબ્રન્ટ દરમિયાન પણ વી વી આઈ પી મહાનુભાવોની અવરજવર રહે છે. જેથી ખ માર્ગના વાઈડનીંગનુ કામ પણ પ્રથમ તબક્કારમાં જ હાથ ધરવામાં આવ્યુ હતુ. જયારે હવે નગરના ગ માર્ગને પણ સિકસલેન બનાવવા માટે આયોજન કરાયુ છે. ગ-૦ થી ગ-૭ સુધી ના ૭ કી મીના આ માર્ગ પર હાલ ટ્રાફિકની અવરજવર પણ વધી છે. આસપાસ સ્થિત નવા સેકટરોમાંથી પણ વાહનોની અવરજવર માટે મોટાભાગે ગ માર્ગનો ઉપયોગ થાય છે. જયારે સે-૧૫ સાંઈ કોમ્પલેક્ષ, સે-૧૫ સાયન્સ કોલેજ , આઈ ટી આઈ સંકુલ તેમજ અન્ય શૈક્ષણિક સંસ્થાઓ પણ આ માર્ગ નજીક સ્થિત છે. જેથી વિદ્યાર્થીઓ પણ આ રૂટમાં અવરજવર કરે છે. નગરના ગ માર્ગ પર આર ટી ઓ કચેરી પણ સ્થિત છે. આર ટી ઓ કચેરીના લીધે પણ આ માર્ગ પર

● અનુસંધાન પાન-૭ પર



## વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

### રાજયના પ્રથમ આઇ ટી પાર્કના નિર્માણ માટે જી આઇ ડી સીને ૫૧ કરોડનો બોજ

ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સીટીના પ્રોજેકટના ૨.૨૩ મિલીયન ચો ફુટના ડેવલપમેન્ટ રાઈટસ જી આઈ ડી સી દ્વારા ખરીદવાની પ્રક્રીયા કયા તબક્કે છે. તેવા પ્રશ્ન સંદર્ભે શહેરી વિકસ મંત્રી દ્વારા અપાયેલા ઉત્તરમાં જણાવ્યા મુજબ ગીફટ સીટી દ્વારા જી આઈ ડી સીને માર્ચ ૨૦૧૯ માં ૦.૬ મિલિયન સ્કવેર ફુટ બી યુ એ ના ડેવલપમેન્ટ રાઈટસ ૫૧ કરોડની કિમતે વસુલીને આપવામાં આવી છે. આઈ ટી અને આઈ ટી ઈ એસ કંપનીઓ દ્વારા કરવામાં આવેલ માંગણીઓના આધારે જી આઈ ડી સી એ ગુજરાતના પ્રથમ આઈ ટી પાર્કનુ નિર્માણ કાર્ય હાથ ધર્યુ છે. આ ડેવલપમેન્ટના કારણે મોટા પાયે નોકરી અને વ્યાપારની તકો સર્જાશે તેમજ રાજયના સર્વિસ સેકટરનો વ્યાપ પણ વધશે.

### ગાંધીનગર જિલ્લામાં ૯ સી એન જી સ્ટેશનો કાર્યરત

સી એન જી વાહનોની સંખ્યા વધતા સી એન જી સ્ટેશનો પણ નવા બનાવાયા છે. ગાંધીનગર જિલ્લામાં પણ નવા સી એન જી સ્ટેશનો કાર્યરત થયા બાદ વાહનચાલકોન પણ લાંબી કતારમાં ઉભા રહેવાનુ ભાગ્યે જ બને છે.જિલ્લામાં કેટલા સી અને જી સ્ટેશનો ઉભા કરવામાં આવનાર છે તેવા પ્રશ્નના ઉત્તર સંદર્ભે જણાંવાયા મુજબ ગાંધીનગર જિલ્લામાં ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા કુલ ૯ સી એન જી સ્ટેશનો કાર્યરત છે. જયારે આ સી એન જી સ્ટેશનનો માધ્યમથી ગાંધીનગર શહેર તેમજ આસપાસના વિસ્તારને આવરી લેવામાં આવ્યો છે.

### સ્મોલ- મીડિયમ એન્ટરપ્રાઇઝ એકમોને ૧૨૧૯ લાખની સહાય

ગાંધીનગર જિલ્લમાં સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઈઝ એકમોને કેપિટલ સબસીડી યોજના હેઠળ કેટલા એકમોની અરજીઓ મંજુર કરવામાં આવી ગાંધીનગર દક્ષિણના ધારાસભ્યના પ્રશ્ન સંદર્ભે અપાયેલા ઉત્તરમાં જણાવાયા મુજબ આ અન્વયે ૩૦૫ એકમોની અરજીઓ આવી છે. જયારે આ પૈકી ૧૩૬ એકમોને ૧૨૧૯ .૧૯ લાખનુ ચુકવણુ કરવામાં આવ્યુ છે.

# હવે ઓછા વરસાદવાળા ક્ષેત્રમાં વધુ બે કલાક વિજપુરવઠો અપાશે

ગાંધીનગર, તા. ૨૫

ઉર્જામંત્રી સૌરભ પટેલે ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે મહત્વપૂર્ણ જાહેરાતો કરી હતી. તેમણે કહ્યું હતું કે, રાજ્યના જે વિસ્તારોમાં ઓછો વરસાદ થયો છે ત્યાં ખેડૂતોને વધુ બે કલાક માટે કૃષિલક્ષી વિજ પુરવઠો ઉપલબ્ધ કરાવવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, રાજ્યના વિવિધ વિસ્તારોમાં જુદો જુદો વરસાદ થયો છે ત્યારે જે વિસ્તારોમાં ઓછો વરસાદ થયો છે ત્યાં ખેડૂતોના હિતમાં આ મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. જરૂરિયાતવાળા વિસ્તારોમાં જરૂર પડશે ત્યાં સુધી ખેડૂતોને હાલ જે વિજ પુરવઠો પુરો પાડવામાં આવી રહ્યો છે તેમાં બે કલાકનો વધારો કરવામાં આવ્યો છે.

# ભ્રષ્ટાચાર સબંધિત પ્રાથમિક તપાસના અધુરાં અહેવાલોથી તકેદારી આયોગ ખફા

**એક વર્ષમાં તકેદારી આયોગને ૮૭૯૨ ફરિયાદો મળી, સૌથી વધુ શહેરી વિકાસ સંદર્ભમાં છે**

ગાંધીનગર

ગુજરાત તકેદારી આયોગને સરકારના વિભાગો તેમજ બોર્ડ કોર્પોરેશન તરફથી ભ્રષ્ટાચારના કેસોમાં પ્રાથમિક તપાસના રિપોર્ટ અધુરા અથવા તો મોડાં મળતા નહીં હોવા અંગે આયોગે સરકારના વિભાગોની કાર્યવાહી સામે નારાજગી વ્યક્ત કરી છે. આયોગે કહ્યું છે કે અમારા બનાવેલા પત્રક પ્રમાણે પ્રાથમિક તપાસ થતી નથી તેથી રિપોર્ટમાં વિલંબ થાય છે અને આવશ્યક પગલાં લઈ શકાતા નથી.

આયોગને એક વર્ષમાં ભ્રષ્ટાચાર અને ગેરરિતીઓની ૮૭૯૨ ફરિયાદો મળી છે જે ગયા વર્ષ કરતાં વધારે છે. આયોગને સૌથી વધુ ફરિયાદો શહેરી વિકાસ વિભાગના સંદર્ભમાં મળી છે, જ્યારે બોર્ડ કોર્પોરેશનો પૈકી સૌથી વધુ ફરિયાદો મેરીટાઈમ બોર્ડમાં ભ્રષ્ટાચાર બાબતે છે.

તકેદારી આયોગના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે વર્ષની શરૂઆતમાં આયોગને પડતર હોય તેમજ વર્ષ દરમ્યાન મળ્યા હોય તેવા કુલ ૧૫૭૭ તપાસ અહેવાલો આગોગની વિચારણામાં હતા તે પૈકી ૧૧૯૨ તપાસ અહેવાલોનો નિકાલ કરવામાં આવ્યો છે. વિભાગો તેમજ બોર્ડ કોર્પોરેશન તરફથી પડતર કેસોના નિકાલ અંગે આયોગે જણાવ્યું છે કે પ્રાથમિક તપાસના ૨૧૫૦ કેસો અને ૨૦૩ સંદર્ભ કેસો મળીને કુલ ૨૩૫૩ કેસો પડતર રહ્યાં છે.

જે કેસો પડતર છે તેમાં મહેસૂલ વિભાગના સૌથી વધુ ૩૪૨ કેસો છે. એ ઉપરાંત શહેરી વિકાસના ૩૧૦, પંચાયતના ૨૮૪, શિક્ષણના ૧૪૯, માર્ગમકાનના ૧૩૭, આરોગ્યના ૯૯ અને નર્મદાના ૯૦ કેસો મુખ્ય છે. પ્રાથમિક તપાસના ૨૧૫૦ કેસો પૈકી ૨૮૦ કેસ પાંચ વર્ષથી વધુ સમયથી પડતર છે. તકેદારી આયોગે ૬૩૯ આક્ષેપિત અધિકારી તેમજ કર્મચારીઓ સામે પગલાં લેવાની ભલામણ કરી છે.

● અનુસંધાન પાન-૭ પર

**ક્યારે કેટલી ફરિયાદો**

| | |
|---|---|
| ૨૦૧૬ | ૮૪૧૨ |
| ૨૦૧૭ | ૭૫૪૧ |
| ૨૦૧૮ | ૮૭૯૨ |

**૨૦૧૮માં ફરિયાદોની સ્થિતિ....**

| | |
|---|---|
| અહેવાલના વર્ષ દરમ્યાન મળેલી અરજી | ૮૭૯૨ |
| પ્રાથમિક તપાસ માટે મોકલવામાં આવેલી ફરિયાદો | ૯૧૫ |
| તપાસ કરી કાર્યવાહી માટે મોકલેલી ફરિયાદો | ૫૯૩૯ |
| અરજદાર પાસે વધુ વિગત માગી છે | ૧૧૮ |
| આયોગે દફતર કરેલી અરજીઓ | ૧૮૨૦ |

# રાજ્યના બંધમાં માત્ર ૧૭ ટકા પાણીનો જથ્થો

ગાંધીનગર, તા. ૨૫

ગુજરાતમાં બંધમાં માત્ર ૧૭ ટકા પાણી રહ્યું હોવાના અહેવાલ આવ્યા બાદ ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. મોનસુન દરમિયાન સિઝનમાં ૨૮ ટકા વરસાદ વચ્ચે ૧૭ ટકા પાણી બંધમાં રહ્યુ છે. નર્મદા સહિત ૨૦૫ બંધમાં આશરે ૮૨૫૨ એમસીએમ પાણી રહ્યુ છે. બુધવારના આંકડાઓને ધ્યાનમાં લેવામાં આવે તો રાજ્યમાં ૨૮ ટકા સુધી વરસાદ થયો છે. રાજ્યના નર્મદા સહિત ૨૦૫ બંધમાં માત્ર ૧૭ ટકા પાણી છે. આ પાણી લાઈવ સ્ટોરેજ તરીકે છે જેનો ઉપયોગ કરવામાં આવી શકે છે. ચિંતાજનક બાબત એ છે કે, પાણી સતત ઘટી રહ્યું છે. મોનસુનથી પહેલા રાજ્યના આ બંધમાં લાઈવ સ્ટોરેજ ૧૨.૭૯ ટકા જથ્થો હતો. આ તમામ બંધની કુલ સંગ્રહ ક્ષમતા ૨૫૨૨૪.૧૬ મિલિયન ક્યુબિક મીટરની આસપાસ છે. જો ક્ષમતા મુજબ પાણીનો સંગ્રહ થઈ જાય તો કુલ ૨૦૩૧૦ એમસીએમ પાણી જ લાઈવ સ્ટોરેજ માટે રહી શકે છે. તમામ બંધમાં બુધવાર સુધી ૮૨૫૨ એમસીએમ પાણી સંગ્રહનો આંકડો હતો.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com